# ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંસ્કૃત ભારતીના સહયોગથી સંસ્કૃતોત્સવ યોજાયો



કમલમ્ ન્યુઝ,

ગુજરાત યુનિવર્સિટી ખાતે સંસ્કૃત ભારતીના સહયોગથી ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંસ્કૃતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મૂળુભાઈ બેરા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ શ્રી ભાવપ્રકાશ ગાંધી અને શ્રી પંકજ રાવલ દ્વારા લિખિત અભિનવસુભાષિતાવલિ, શ્રી આશિષ ઠાકર અને શ્રી ગિરીશ ઠાકર દ્વારા લિખિત શિવોહમ શિવોહમ અને શ્રી ભાવપ્રકાશ ગાંધી અને શ્રી કિશોર શેલડિયા દ્વારા લિખિત વદન્તુસુભાષિતમ જેવા સંસ્કૃત પુસ્તકોનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આજે અષાઢી બીજની પૂર્વ સંધ્યાના અવસરે આવા અદભુત કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને ખૂબ જ આનંદ અનુભવાય રહ્યો છે. સંસ્કૃત ભાષા એ આપણી પૌરાણિક ભાષા છે. સંસ્કૃત ભાષાએ ભારત દેશને રામાયણ મહાભારત જેવા ગ્રંથો આપ્યા છે. આજે આપણે સૌ પરમાત્માની સ્તુતિ પણ સંસ્કૃત ભાષામાં જ કરીએ છીએ. જેથી સંસ્કૃત ભાષાનું રક્ષણ કરવું એ આપણી નૈતિક ફરજ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર સંસ્કૃતભાષાનું રક્ષણ કરવા કટિબદ્ધ છે, રાજ્ય સરકાર દ્વારા સંસ્કૃત ભાષાનો વ્યાપ વધે અને વધુ લોકો સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરે તે હેતુથી રાજ્યમાં વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. તેઓ વધુમાં જણાવ્યું હતું કે, અષાઢ માસના પ્રથમ દિવસે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાકવિ કાલિદાસની જન્મ જયંતીની ઉજવણીની શરૂઆત કરી હતી. અને આજે સંસ્કૃત ભારતી અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તે પ્રથાને યથાવત રાખવામાં આવી છે તેનો ખૂબ જ ગર્વ અનુભવાય છે, તેમ તેઓએ ઉમેર્યું હતું.અંતે તેઓએ જણાવ્યું હતું કે, સંસ્કૃત ભાષા એ આપણા વારસાની જનની છે અને તે ભાષાનું રક્ષણ કરવા માટે ગુજરાત સાહિત્ય અકાદમી અને સંસ્કૃત ભારતી સંસ્થા ઉમદા કામગીરી કરી રહી છે તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર વ્યકતકરું છું. અંતેતેઓએ સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર ૩૦ મહાનુભાવોને પુરસ્કારથી સન્માનિત કર્યા હતા અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ નિહાળ્યો હતો.આ કાર્યક્રમમાં સંસ્કૃત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ ઝા, સંસ્કૃત ભારતી અખિલ ભારતીય મહામંત્રી શ્રી સત્યનારાયણ ભટ્ટ, ગુજરાત યુનવર્સિટીના કુલપતિ શ્રી ડો. હિમાંશુ પંડ્યા , ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. ચેતન ત્રિવેદી,સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. લલિત પટેલ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી જયશંકર રાવલ, તેમજ વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માત્ર કચ્છી બોલી સમજી શકતા બાળકોને શિક્ષણમાં રસ લેતા કરવા શિક્ષકોને સરકાર દ્વારા કચ્છી બોલીની અપાતી ખાસ તાલીમ



કમલમ્ ન્યુઝ,ભુજ,

અષાઢી બીજ એટલે કચ્છ માટે નવું વર્ષ. ખમીરવંતા સૌ કચ્છીઓને નવા વર્ષની શુભકામના કે જેણે અનેક આપત્તિમાં પણ ધીરજ, એકતા અને પોતાના આત્મબળથી મુસીબતોનો સામનો કરીને ફિનિકસ પક્ષીની જેમ ફરી ઉડતા શીખ્યા છે. તે પછી ધરતીકંપ હોય કે બિપરજોય વાવાઝોડું હોય તમામ સામે કચ્છીઓએ સામી છાતીએ બાથ ભીડી છે. કચ્છ પ્રદેશની અનેક વિવિધતા છે જેમાં અહીંના રહેવાસીઓ દ્વારા બોલાતી કચ્છી બોલી કચ્છ પ્રદેશની ખાસ ઓળખાણ છે. જે આજેપણ ઘરોઘર જીવંત છે. કચ્છમાં સરહદી વિસ્તારના કેટલાક ગામો છે જયાંના રહેવાસીઓ અને તેના બાળકો માત્ર કચ્છી બોલીમાં જ સંવાદ કરી શકે છે. ત્યારે આ બાળકો અને વાલીઓ સાથે સરકાર સંવાદ કરી શકે તેમજ બાળકો શાળા સાથે આત્મીયતા કેળવીને શિક્ષણ લેતા થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા ખાસ કચ્છ જિલ્લામાં કચ્છી બોલી ન જાણતા તમામ શિક્ષકોને સરકાર કચ્છી બોલીની તાલીમ આપીને તૈયાર કરે છે. જેથી તે બોલીના માધ્યમથી બાળકોના દિલ સુધી રસ્તો કરીને તેઓમાં શિક્ષણ જયોત પ્રજવલિત કરી શકે. કચ્છી બોલી મીઠી મધૂરી તથા દિલમાં સોંસરવી ઉતરી જાય તેવી મીઠાસ ધરાવે છે. આ બોલીને જીવંત રાખવા અનેક પ્રયાસ થઈ રહ્યા છે. ત્યારે સરકાર પણ આ દિશામાં કામગીરી કરી રહી છે. શહેરથી માંડીને જિલ્લાના છેવાડાના બાળકને શિક્ષણ મળી રહે તે માટે સરકાર વિવિધ યોજનાકીય પ્રયાસ કરી રહી છે. પરંતુ આ તમામ પ્રયાસ ત્યારે જ સફળ બને જયારે બાળકો અને તેના માતા-પિતા આ પ્રયાસોના હેતુને સમજી શકે. માત્ર કચ્છી બોલી સમજી શકતા લોકો તથા બાળકો સાથે સંવાદકરવા ભાષાની દિવાલ નડતરરૂપ ન બને તે માટે સરકાર દ્વારા જે શિક્ષકો સ્થાનિક ભાષા જાણતા નથી તેમના માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં છેલ્લામાં બે વર્ષમાં ૨૦૮ બિનકચ્છી શિક્ષકોને કચ્છી ભાષાની તાલીમ આપવામાં આવી છે. જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સંજય પરમાર જણાવે છે કે, શિક્ષકોને તાલીમ આપવા ઉપરાંત ડાયેટ દ્વારા કચ્છી ભાષા પોર્ટલ પર ઓનલાઈન ૩૦૦૦ જેટલા અન્ય લોકોએ પણ તાલીમ લીધી છે. આ પોર્ટલ શિક્ષકોથી માંડીને કોઈપણ નાગરીક કચ્છી બોલી શીખી શકે છે. તેઓ ઉમેરે છે કે, કચ્છી બોલીની તાલીમ આપ્યા બાદ એવી શાળાઓ કે જયાં બાળકો ગુજરાતી, હિન્દી જેવી ભાષામાં સંવાદ નથી કરી શકતા ત્યાં શિક્ષકોએ કચ્છી બોલીના માધ્યમથી ગામના નાગરીકોમાં વિશ્વાસ કેળવ્યો છે. જેના કારણે વાલીઓનો શાળા અને શિક્ષકો પર વિશ્વાસ વધ્યો હોવાથી શાળામાં બાળકોની હાજરીમાં વધારો, ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો તેમજ કોઈપણ યોજનાકીય માહિતી આસાનીથી વાલીઓ સુધી પહોંચાડી શકાતી હોવાથી સરકારની સર્વાંગી વિકાસની વિચારધારામાં કચ્છી બોલી એક સફળ માધ્યમ બની છે.

# બિપરજોય વાવાઝોડા બાદની પરિસ્થિતિ અંગે નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ભચાઉ ખાતે રિવ્યૂ બેઠક યોજાઈ

**અધિકારીશ્રીઓ પાસેથી વાવાઝોડા બાદ સહાયની કામગીરી, પુનઃસ્થાપનની કામગીરીની વિગતો મેળવી સમીક્ષા કરતા નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**



કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છ જિલ્લામાં બિપરજોય વાવાઝોડા બાદની પરિસ્થિતિ અંગે જાણકારી મેળવવા નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ભચાઉ સર્કિટ હાઉસ અને પ્રાંત કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. વાવાઝોડા બાદ કચ્છમાં નુકસાન, સરવેની કામગીરી, પાણી પુરવઠા અને વીજ રિસ્ટોરેશનની કામગીરી, ઘાસ વિતરણ, સહાયની ચૂકવણી વગેરે બાબતો વિશે નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ અધિકારીશ્રીઓ પાસેથી વિગતો મેળવી હતી. કચ્છ મોરબી સાસંદશ્રી વિનોદભાઈ ચાવડા, રાપરના ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા અને ગાંધીધામ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરીએ પણ નાણાંમંત્રીશ્રીને વર્તમાન પરિસ્થિતિથી અવગત કરાવ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં કચ્છ કલેકટરશ્રી અમિત અરોરાએ પણ સ્થાનિક તંત્રની કામગીરીનો ચિતાર નાણાંમંત્રી સમક્ષ રજૂ કર્યો હતો.બેઠકમાંસ્થાનિકપદાધિકારીશ્રીઓ, ભચાઉપ્રાંતઅધિકારીશ્રી બાલમુકુન્દ સૂર્યવંશી,મામલતદારશ્રીજે.એચ.પાણ સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈ વાવાઝોડા બાદની પરિસ્થિતિનો તાગ મેળવવા કચ્છ જિલ્લાના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને સ્થાનિક તંત્ર સાથે બેઠક યોજશે. તેઓ ૨૦ જૂનના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીધામ ખાતે બેઠકમાં હાજરી આપશે. ત્યારબાદ ૧૦.૦૦ કલાકે અંજાર ખાતે બેઠકમાં ઉપસ્થિત રહેશે. સવારે ૧૧.૦૦ કલાકે મુન્દ્રા જવા રવાના થશે અને મુન્દ્રાના વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. તેઓશ્રી બપોરે ૧૨.૪૫ કલાકે ભુજ ખાતે જિલ્લા વહીવટીતંત્ર સાથે બેઠક યોજીને વાવાઝોડા બાદની પરિસ્થિતિનો સમીક્ષા કરશે.

# તાપી જિલ્લાના અધિકારી કર્મચારીઓ બન્યા યોગમય

**યોગને જીવનમાં અપનાવવા શપથ ગ્રહણ કરતા તાપી જિલ્લાના કર્મયોગીઓ**



કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

આગામી તા.૨૧મી જુન ૨૦૨૩ ના રોજ નવમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીના ઉપક્રમે તાપી જિલ્લામાં તા.૧૪થી યોગ અંગે જાગૃતતા ફેલાવવા વિવિધ પ્રિ-યોગા ઈવેન્ટસ યોજાઈ રહી છે. જેના ઉપલક્ષ્યમાં આજરોજ જિલ્લા સેવાસદન તાપી ખાતે વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ દ્વારા સેવાસદનના પટાંગણમાં યોગા સેશન યોજવામાં આવ્યું હતું. જિલ્લા વહિવટી તંત્ર તાપીના ઉપક્રમે આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત કોમન યોગ પ્રોટોકોલ તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કલેકટરશ્રી વિપિન ગર્ગ, અધિક નિવાસી કલેક્ટરશ્રી આર.જે. વલવી સહિત ઉચ્ચ અધિકારી-કર્મચારીઓ, યોગ બોર્ડના સભ્યો, વિવિધ યોગ સમિતીના સભ્યોએ ભાગ લઈ યોગમય બન્યા હતા. યોગા સેશનના અંતે સૌએ યોગને પોતાના જીવનમાં અપનાવવા શપથ ગ્રહણ કર્યા હતા. નોંધનિય છે કે, તાપી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ તા.૨૧મી જૂન, ૨૦૨૩ "આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ" દિવસનો કાર્યક્રમ વ્યારા સ્થિત દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે સવારે ૬:૦૦ કલાકે યોજાશે

# અંકલેશ્વર શહેરમાં ભગવાન જગન્નાથજી નગરચર્યા પર નીકળતા ઠેર ઠેર ભવ્ય સ્વાગત





કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર ના ભરૂચી નાકા પાસે હરિદર્શન સોસાયટી ખાતે આવેલ ભગવાન જગન્નાથજીના મંદિરે થી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ભગવાન જગન્નાથની વાજતે ગાજતે ભવ્ય રથયાત્રા નીકળી હતી. જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે ભગવાન ની રથ યાત્રા નીકળી હતી.

શહેર માં ઠેર ઠેર ભગવાન જગન્નાથની રથયાત્રા નું ભવ્ય સ્વાગત કર્યુ હતું રથયાત્રા માં ભરૂચ ના સાંસદ મનસુખ વસાવા ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ જોડાયા હતા સાથે પોલીસ દ્વારા ડ્રોન અને બોડી લેન કેમેરા સાથે યાત્રા પર ચાંપતી નજર રાખી રાખી હતી.અંકલેશ્વર ની હરિદર્શન સોસાયટી ખાતે ભગવાન જગન્નાથનાં મંદિરે પૂજા અર્ચના અને આરતી બાદ જગતના નાથ ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે રથમાં બિરાજમાન થયા હતા. આ પ્રસંગે ભરૂચ ના સાંસદ મનસુખ વસાવા ,અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ તાલુકા પંચાયત ના પ્રમુખ અરવિંદ પટેલ રામકુંડ ના મહંત ગંગાદાસજી બાપુ સહિત સંતો-અને મુસ્લિમ આગેવાનો અને મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યા હતા અષાઢી બીજ નાં પાવન અવસરે ભકતોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જય જગન્નાથના જયઘોષ સાથે વાજતે ગાજતે રથયાત્રા શરૂ થઈ હતી. જે દીવા રોડ, જલારામ મંદિર, ભરૂચીનાકા થઈને મુખ્ય માર્ગ ઉપર થઈ , ચૌટા બજાર સહીત ની મુખ્ય બજારો અને શહેરના અન્ય માર્ગો પર ફરી મંદિરે પરત ફરી હતી મુસ્લિમ સમાજ ના આગેવાન મહંમદઅલી શેખ અને વસીમ ફદવાલા રથયાત્રા માં જોડાઈ ને કોમી એકતાનો સંદેશો પાઠવ્યો હતો રથયાત્રાને લઈને પોલીસતંત્ર દ્વારા પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ રથયાત્રામાં અનેરો ઉત્સાહ દર્શાવ્યો હતો.અને ભગવાન સ્વયં ભકતોનાં દ્વારા દર્શન આપતા ભકતો ભાવ વિભોર બન્યા હતા.તેમજ મગ,જાંબુનો પ્રસાદ આરોગીને ભકતોએ ધન્યતા અનુભવી હતી મંદિર ટ્રસ્ટ ના જીતુ ભાઈ પટેલ ની આગેવાની હેઠળ ભવ્ય રથયાત્રા ને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરાઈ હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ વિનય વસાવા, અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ નરેન્દ્ર પટેલ, કારોબારી અધ્યક્ષ શ્રી સંદીપ પટેલ, જીલ્લા કોષાધ્યક્ષ શ્રી જગદીશભાઈ શાહ, શહેર ભાજપ મહામંત્રી શ્રી જગ્નેશ અંડાદીયા સહિતના આગેવાનો જોડાયા હતા.

# આણંદ સાંસદ મિતેષભાઈ પટેલે રણછોડ રાયજી મંદિર માં ૯૭ ની રથયાત્રા ને પ્રસ્થાન કરાવી પરમ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું.



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

અષાઢી બીજના પાવન પર્વે નિમિતે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે પેટલાદ શ્રી રણછોડરાયજી મંદિર માં ૯૭ મી રથયાત્રાના અવસરે ભગવાન શ્રી રણછોડરાયજીની રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ. સાથે ભગવાન સમક્ષ જિલ્લાના, ગુજરાતના અને દેશના લોકોના સુખ, શાંતિ અને સર્વાંગીણ વિકાસની મંગલકામના કરી. આ અવસરે સાંસદશ્રીની સાથે પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, પૂર્વ મંત્રી શ્રી સી. ડી.પટેલ, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી પ્રદીપભાઈ પટેલ, જિલ્લા અને તાલુકા સંગઠનના હોદ્દેદારશ્રીઓ, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.









કમલમ્ ન્યુઝ,

એકતાનગર ખાતે યોજાયેલા"એકતા મંથન સત્ર" માં માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી પિયુષ ગોયલ સાહેબની વર્ચ્યુંઅલ ઉપસ્થિતમાં ભારતભરમાંથી પધારેલા ડેલિગેટસ સાથે કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે માર્ગદર્શન મેળવ્યું. "એક ભારત, શ્રેષ્ઠ ભારત" મહામંત્રને ઓપ આપવા તથા "વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ" ની સંકલ્પનાને પરિપૂર્ણ કરવાના ઉદ્દેશથી સમગ્ર દેશમાં સ્થપાનાર "યુનિટી મોલ" અંગે આ સત્રમાં અતિ મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ તથા તેના અમલીકરણ અંગે સૌ પ્રતિબદ્ધ થયા. આ સત્રમાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીશ્રી સોમ પ્રકાશજી, નાગાલેન્ડના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી શ્રીમતી હેકાણી જાખાલુ, ઉત્તર પ્રદેશના કેબિનેટ મંત્રીશ્રી રાકેશ સચન (MSME, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ, રેશમ ઉદ્યોગ, હેન્ડલૂમ અને ટેકસટાઈલ) સહીત તમામ રાજ્યોના સંલગ્ન અધિકારીઓ, ડેલિગેટસ, સંસ્થાઓ અને કેટલાક કસબી-કલાકારો પણ જોડાયા હતા.

